ક્રમાંક-પરચ/૧૦૨૦૧૯/૧૩૧૦/ઝ.૧

ગુજરાત સરકાર,
નાણા વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.
તા.૧૫/૦૧/૨૦૨૧

પ્રતિ,
નિયામકશ્રી,
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
"વિમા અને લેખા ભવન", બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**વિષય:- ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓની પાંચ વર્ષની સેવા ઉચ્ચતર પગાર ધોરણના લાભ માટે ગણવા બાબત.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના આપના તા.૨૨/૧૦/૨૦૨૦ના પત્ર ક્રમાંક-હિતિનિ/PVU/ફા.નં.૩૭/૨૦૨૦/૪૨૦ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, નાણા વિભાગની તા.૧૬/૦૨/૨૦૦૬ ની ફિક્સ પગારની નીતિ અન્વયે નિમણૂંક પામેલ કર્મચારીઓને જ નાણા વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવનો લાભ મળવાપાત્ર છે. તા.૧૬/૦૨/૨૦૦૬ ની ફિક્સ પગારની નીતિ પહેલાં અન્ય વિભાગની ફિક્સ પગારની નીતિ અન્વયે નિમણુંક પામેલ કર્મચારીઓને તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવનો લાભ મળવાપાત્ર થતો નથી. આ અંગે સરકારશ્રીની અલગથી મંજુરી મેળવવાની રહે છે. જે વિભાગો ઐ તેમના તા.૧૬/૦૨/૨૦૦૬ ની ફિક્સ પગારની નીતિ પહેલાં નિમણુંક પામેલ કર્મચારીઓ માટે રાજ્ય સરકારની નાણા વિભાગ મારફતે મંજુરી મળેલ છે, તેવા જ કર્મચારીઓને તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવનો લાભ મળવાપાત્ર થાય છે. હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીએ હાલના પ્રવર્તમાન નિયમોનુસાર, ઉચ્ચતર પગાર ધોરણ તથા અન્ય લાભો ચુકવવા નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહે છે. જે વિદીત થાય.

આપનો વિશ્વાસુ,
D.V. …
(દિલીપ પરમાર)
ઉપ સચિવ
નાણા વિભાગ

હિસાબ અને તિજોરી
નિયામકની કચેરી
20 JAN 2021
ઇનવર્ડ નં. 650
ગાંધીનગર

- સિલેક્ટ ફાઈલ